**ક્રિમીનલ કેસ નં. ૫૮/૨૦૨૫**

| | | | |
|---|---|---|---|
| રજુ થયા તારીખ | ૦૫ | ૦૨ | ૨૦૨૫ |
| દાખલ થયા તારીખ | ૦૫ | ૦૨ | ૨૦૨૫ |
| ફેસલ કર્યા તારીખ | ૩૦ | ૦૪ | ૨૦૨૬ |
| સમયગાળો | વર્ષ | માસ | દિન |
| | ૦૧ | ૦૨ | ૨૫ |

सत्यमेव जयते

**<u>વાગરાના મહે. ન્યાયિક મેજિસ્ટ્રેટ ફ. કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ–વાગરા</u>**

**ફોજદારી કેસ નં. ૫૮/૨૦૨૫**

**આંક :–**

**ફરીયાદી :–** શ્રી સરકાર

**:<u>વિરુધ્ધ</u>:**

**આરોપી :–** **(૧) મહેશભાઇ બાલુભાઇ વસાવા,**

રહે. ગામ દનવા, ટાકી ફળીયુ, તા. આમોદ, જિ. ભરૂચ.

**(૨) લખીબેન મુકેશભાઇ શાંતીલાલ રાઠોડ,**

રહે. ગામ ચાંચવેલ, તળાવ ફળીયુ, તા. વાગરા, જિ. ભરૂચ.

| | |
|---|---|
| //ફરીયાદપક્ષ તરફે વિ. એ.પી.પી.....................શ્રી જે.જી.વસાવા// | |
| //આરોપીપક્ષ તરફે વિ.વ.શ્રી ...........................એસ. આર.ભટ્ટી// | |

**<u>ગુનો :– ધ પ્રોહિબિશન એકટ કલમ ૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબ</u>**

**: જજમેન્ટ :**

(૧) સદર ફરીયાદીની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના તહોમતદાર નં. ૧ નાનો તા. ૦૭/૧૧/૨૦૨૪ ના ક. ૧૯:૪૫ વાગ્યે ચાચવેલથી દેનવા તરફ જતા રોડ પાસે આવેલ કબ્રસ્તાન પાસે મોટર સાયકલ ઉપર ગેર કાયદેસરનો વગર પાસ પરમીટના દેશી દારૂ લીટર ૧૮ કિ. રૂા.

૩૬૦૦/– વહન કરી આરોપી નં. ૨ લખીબેન મુકેશભાઇ શાંતીલાલ રાઠોડનાનીને વેચાણ આપવા જતા પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી, ગુનો કરેલ હોવાની ફરીયાદ ફરીયાદીએ વાગરા પો.સ્ટે.ગુ.ર.નં. ૧૧૧૯૯૦૫૬૨૪૦૭૪૫/૨૦૨૪ થી નોંધાવેલ છે. તે કામે તપાસ કરનારે આંક–૦૧ મુજબનું ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થતા ઉપરોકત ગુન્હાનુ સંજ્ઞાન લઇ સમન્સ કરવામાં આવેલ. જે સમન્સ આરોપીને બજતા આરોપીઓ તેના વકીલ સાથે હાજર થયેલા હતા. ત્યારબાદ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૨૩૦ મુજબ આરોપીને ચાર્જશીટ પેપર્સની નકલો વીના મુલ્યે આપવામાં આવેલ અને ત્યારબાદ આરોપીઓ સામે ગુજરાત પ્રોહિબીશન એકટ–૧૯૪૯ ની કલમ–૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબ **આંક–૦૪** થી તહોમતનામુ ફરમાવ્યા બાદ **આંક–૫** અને **આંક–૦૬** થી આરોપીઓની પ્લી રેકર્ડ કરવામાં આવેલ જેમાં આરોપીઓએ પોતાનો ગુનો કબુલ કરવાનો સ્પષ્ટ ઇન્કાર કરેલ અને આ કેસ આગળ ચલાવવો છે તેમ જણાવતા કેસની આગળની ઇન્સાફી કાર્યવાહી ચલાવવામાં આવેલ.

(૩) ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબ મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ કરેલ છે.

**:: મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ::**

| અનુ. નં. | આંક | વિગત |
|---|---|---|
| ૧. | ૧૧ | ફરીયાદી જયપાલસિંહ યશવંતસિંહ રાઠોડની જુબાની |
| ૨. | ૧૨ | અસલ ફરીયાદ |
| ૩. | ૧૩ | પંચ અરવિંદભાઇ મોતીભાઇ વસાવાની જુબાની |

| | | |
|---|---|---|
| ૪. | ૧૪ | પ્રોહી. રેઇડ કર્યા અંગેનુ પંચનામાની ખરી નકલ |
| ૫. | ૧૫ | પંચ સુરેશભાઇ મણીલાલ રાઠોડની જુબાની |
| ૬. | ૧૯ | ત.ક.અ./અ.હે.કો. ભોપાભાઇ ગફુરભાઇની જુબાની |
| ૭. | ૨૮ | ત.ક.અ./અ.હે.કો. મહેશભાઇ ઠાકરશીભાઇની જુબાની |

(૪) ફરીયાદપક્ષ તરફથી વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી પુરાવો પૂર્ણ થયેલ હોવાનુ જાહેર કરતા, ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૩૫૧ મુજબની જોગવાઇઓ અન્વયે આરોપીઓનુ વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે જેમાં તેઓને બચાવપક્ષના સાહેદને તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી અને તેઓ પોતે નિર્દોષ છે અને કહેવાતો ગુનો તેઓએ કરેલ નથી તેવી હકિકત જણાવેલ છે. ત્યારબાદ પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો સાંભળવામાં આવી.

(૫) ઉપરોકત તમામ હકિકતો ધ્યાનમાં લેતા કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના તહોમતદાર નં. ૧ નાનો તા. ૦૭/૧૧/૨૦૨૪ ના ક. ૧૯:૪૫ વાગ્યે ચાચવેલથી દેનવા તરફ જતા રોડ પાસે આવેલ કબ્રસ્તાન પાસે મોટર સાયકલ ઉપર ગેર કાયદેસરનો વગર પાસ પરમીટના દેશી દારૂ લીટર ૧૮ કિ. રૂા. ૩૬૦૦/– વહન કરી આરોપી નં. ૨ લખીબેન મુકેશભાઇ શાંતીલાલ રાઠોડનાનીને વેચાણ આપવા જતા પકડાઇ જઇ એકબીજાની મદદગારી કરી, ધ પ્રોહિબિશન એકટ કલમ–૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

**(૬)** ઉપરોકત મુદ્દાઓ અંગે મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં

(૨) આખરી હુકમ મુજબ

## :: કારણો ::

**(૭) મુદા નં. ૧ :–**

**(૭.૧)** ફોજદારી ન્યાયશાસ્ત્ર ના પાયાના સિધ્ધાંત મુજબ ફરીયાદપક્ષ ધારા આરોપી સામેના આક્ષેપો નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે અને જયાં સુધી આરોપી સામેનો ગુનો સાબીત ન થાય ત્યાં સુધી તે નિર્દોષ છે તે રીતે અનુમાન કરવું જોઈએ. આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા માટે ફરીયાદપક્ષ તરફથી સકારાત્મક પુરાવો રજુ કરી આરોપી સામેના આક્ષેપો સાબીત કરવા જોઈએ.

**(૭.૨)** ફરીયાદપક્ષે પોતાનો કેસ સાબીત કરવા સૌપ્રથમ ફરીયાદી જયપાલસિંહ યશવંતસિંહ રાઠોડને **આંક–૧૧** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તારીખ ૦૭/૧૧/૨૦૨૪ના રોજ હુ તથા હે.કો.ભોપાભાઈ ગકુરભાઈ તથા બે પંચોના માણસો સાથે પખાજણ આઉટપોસ્ટ વિસ્તારમા ખાનગી વાહનમા પેટ્રોલિંગમા હતા. તે દરમિયાન અમોને ખાનગી બાતમીદારથી બાતમી મળેલ કે એક ભુરા કલરનુ લીવો કંપનીનુ મોટર સાયકલ લઈ એક ઈસમ દેનવા ગામથી ચાંચવેલ ગામ તરફ દેશી દારૂ લઈ આવનાર છે. જે બાતમી સાથેના પોલીસ માણસો તથા પંચોની બાતમીથી વાકેફ કરી ચાંચવેલ ગામ પાસે આવી કબ્રસ્તાન જોડે રસ્તો કોર્ડન કરી ઉભા હતા. તે દરમિયાન ઉપરોકત વર્ણન વાળી મોટર સાયકલ લઈ એક ઈસમ આવતો હોય જેને રોકી લઈ તેના આગળના ભાગે રહેલ પ્લાસ્ટીકની થેલી ખોલી જોતા તેમાથી દેશી દારૂ ભરેલો હતો. તેથી સદર ઈસમની પંચો રૂબરૂ નામઠામ પુછતા તેને પોતાનુ નામ મહેશભાઈ બાલુભાઈ વસાવા રહે. દેનવા તા.આમોદ જિ.ભરુચનો હોવાનુ જણાવેલ. સદર ઈસમ પાસેથી મળી આવેલ

પ્લાસ્ટીકની થેલી ખોલી જોતા તેમાથી પ્લાસ્ટીકની પોટલીના નંગ ૭૨ મળી આવેલા તથા એક થેલીમા ૨૫૦મિલી લેખે કુલ ૧૮ લિટર દેશી દારૂ મળી આવેલ. જેની કિમત રૂ.૩૬૦૦/- મળી આવેલ. સદર મોટર સાયકલ રજિ.નંબર જોતા જી.જે.-૧૬-સી.ક્યુ.-૦૧૩૬ નુ હોય તેની કિમત રૂ.૬૦,૦૦૦/- ગણી સદર પકડાયેલ ઈસમને સદર દેશી દારૂ ક્યાં આપવાનુ છે તે પૂછતા તેણે જણાવેલ કે, ચાંચવેલ ગામે રહેતી લખીબેન મુકેશભાઇ રાઠોડ રહે.ચાંચવેલ તા.વાગરા.જી.ભરુચનાઓએ મંગાવેલ હતુ. નમુના માટે એક ખાલી શીશીમા ૧૮૦ મિલી લેખે દેશી દારૂ લઈ તમામ પોટલીઓના મોઢિયુ બાંધી પોલીસ સબ ઇ. વાગરાના સિક્કાથી સીલ કરી નમુનાની શીશી તથા દેશી દારૂ લિટર ૧૮ કિમત રૂા. ૩૬૦૦/- તથા એક મોટર સાયકલ કિમત રૂા. ૬૦,૦૦૦/- આમ કુલ કિમત રૂા. ૬૩,૬૦૦/-નુ મુદ્દામાલ તપાસ અર્થે કબજે કરવામા આવેલ. જે વગેરે વિગતો વાળુ પંચનામુ સાથેના હે.કોની રૂબરૂ ૧૯.૧૫ થી ૧૯.૪૫ સમય સુધીમા કરવામા આવેલુ. જે ગુન્હા બાબતે અમોએ વાગરા પો.સ્ટે.ખાતે પ્રોહિ. એક્ટ કલમ ૬૫(એ)(એ), ૯૮(૨), ૮૧ મુજબ કાયદેસરની ફરિયાદ આપેલી. જે ફરિયાદમા મારી સહી કરેલી છે જેને હુ ઓળખી બતાવુ છુ જે **આંક-૧૨** થી રજુ કરવામાં આવેલ છે.

ત્યારબાદ, સદર ફરીયાદી બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બાતમી કયા માધ્યમથી અને કેટલા વાગે મળી છે તે ફરિયાદમા જણાવેલ નથી. બાતમી વાળી જગ્યાએ કયા વાહનમા ગયેલા તે ફરિયાદમા જણાવેલા નથી. બાતમીવાળી જગ્યાએ કેટલા વાગે પહોચેલા તે સમય મારી ફરિયાદમા જણાવેલ નથી. ચાંચવેલ ગામ વાગરા તાલુકામા અને દેનવા ગામ આમોદ તાલુકામા આવેલ છે. ચાંચવેલ અને દેનવા ગામ પાડોશમાં આવેલા છે. ચાંચવેલથી દેનવાગામ વચ્ચે ૩ કિ.મી. અંતર છે. બાતમીવાળી જગ્યા પાસે આવેલ કબ્રસ્તાન કયા ગામનુ છે તે મારી ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદમાં પંચોના નામ-સરનામા જણાવેલ નથી. ચાંચવેલથી દેનવા ગામનો રસ્તો અવર જવર માટેનો રસ્તો છે.

**(૭.૩)** ફરીયાદપક્ષે પંચ અરવિંદભાઇ મોતીભાઇ વસાવાને **આંક–૧૩** થી અને પંચ સુરેશભાઇ મણીલાલ રાઠોડને **આંક–૧૫** થી તપાસેલ છે. આ પંચ સાહેદ પ્રોહિ. રેઇડ અંગેના પંચનામામાં પોતાની સહી ઓળખી બતાવે છે. પરંતુ તે સિવાય પંચનામાની હકીકતો સબધે કંઈ કહેતા નથી. તે સહી તેઓએ કયા અને કેટલા સમય પહેલા કરી તે તેઓને યાદ નથી. જેથી સદર સાહેદને ફરી ગયેલા જાહેર કરી, ત્યારબાદ વિ.એ.પી.શ્રીની વિગતવારની ઉલટતપાસમાં પણ ફરીયાદપક્ષને સમર્થનકારક કોઇ હકિકત જણાવેલ નથી. આમ, આ પંચ સાહેદોએ **આંક–૧૪** ના પંચનામાની કોઈ હકીકતોને સમર્થન આપેલ નથી.

**(૭.૪)** ફરીયાદપક્ષે ત.ક.અ. ભોપાભાઈ ગફુરભાઇને **આંક–૧૯** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૦૭/૧૧/૨૦૨૪ ના રોજ હુ તથા આપોકો જયપાલસિંહ યશવંતસિંહ નાઓ પખાજણ ઓ.પી. વિસ્તારમાં પેટ્રોલીંગ માં ચાંચવેલ ગામ તરફ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન અમોને ખાનગી બાતમીદાર થી બાતમી મળેલ કે દેનવા ગામથી ચાંચવેલ ગામ તરક તરફ એક ભુરા કલરનુ લીવો મોટર સાયકલમાં એક ઇસમ દેશી દારૂ ભરી ચાંરંવેલ ગામ તરફ આવે છે જે હકીકત આધારે નજીકમાંથી બે પંચોના માંણસોને બોલાવી હકીકત્ત થી વાકેફ કરી અમો ચાંચવેલ થી દેનવા ગામ તરક જતાં આવેલ કબ્રસ્તાન પાસે વોચમાં હતા તે દરમિયાન હકીકતવાળી મોટર સાયકલ આવતી હોવાનુ લાગતાં અમોએ કોર્ડન કરી મોટર સાયકલને ઉભી રખાવી જોતાં એક ઇરામ મોટર સાયકલ પર હતો અને તેના આગળના ભાગે એક પ્લાસ્ટીકના થેલામાં દેશી દારૂ પોટલીઓ હોવાનુ જણાતાં સદર ઇસમને નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ મહેશભાઇ બાલુભાઇ વસાવા રહે. દેનવા ટાંકી વાળુ ફળિયુ, તા. આમોદ જિ. ભરૂચનાઓ પાસે થેલામાં રહેલ પ્લાસ્ટીકની પોટલીઓ ગણેલ તો કુલ નંગ–૭૨ જે પંચો રૂબરૂ તપાસ કરતાં દેશી દારૂ હોવાનુ માલુમ પડતાં સદર ઇસમને દારૂ કોને આપવા જાય છે જે બાબતે પુછતાં તેણે જણાવેલ કે ચાંચવેલ ગામની રહીશ લખીબેન મુકેશ શાંતીલાલ રાઠોડનાઓને આપવા જાઉ છુ જે હકિકત જણાવતાં સદર ઇસમ પાસે રહેલ લીવો મો સા. નુ

રજિ. નંબર જોતાં જી.જે.–૧૬–સી.ક્યુ.–૦૧૩૬ ની તેમજ દેશી દારૂની પોટલી ઓમાંથી થોડો થોડો નમુના માટે ૨૫૦ મિ.લિ. દેશી દારૂ લઈ શીશી ને બુચ મારી શીશી ઉપર પો.ઈન્સ. શ્રી વાગરા નાઓના સહી ના સીક્કાથી શીલ કરી દેશી દારૂ લીટર–૧૮ કિં. રૂ. ૩૬૦૦/– ગણી લઈ વધુ તપાસ અર્થે સદર મો.સા. તંથા દેશી દારૂ કબજે કરવામાં આવતાં સદર ઈસમ વિરુધ્ધ પ્રોહિ. એક્ટ કલમ ૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબનું વિગતવારનુ અમારા રૂબરૂનુ ટોર્ચના અજવાળે પંચનામુ ૧૯:૧૫ થી ૧૯:૪૫ સુધીનું કરવામાં આવેલ જે વિગેરે મતલબની ફરિયાદ સાથેના આપોકો જયપાલસિંહનાઓએ વાગરા પો.સ્ટે.માં આપેલ. બાદમાં સદર ગુનાની તપાસ પો.સ્ટે. અમલદારનાઓએ અમોને સોપતાં આગળની તપાસ અમોએ સંભાળી લઈ સદર ગુનાના આરોપી મહેશભાઈ બાલુભાઈ વસાવાનાઓને બી.એન.એન.એસ. કલમ–૩૫(૩)(૪) મુજબની નોટીશ આપી તા. ૦૮/૧૧/૨૦૨૪ ના ક. ૧૧:૦૦ વાગે હાજર રહેવા સમજ કરેલ. બાદમાં તા. ૦૮/૧૧/૨૦૨૪ ના રોજ મહેશભાઈ બાલુભાઈ વસાવાનાઓને જામીન લઈ જેઓને ફોટોગ્રાફ અને તેમના ફીંગર લઈ જામીન મુક્ત કરવામાં આવેલા. બાદમાં તા. ૦૮/૧૧/૨૦૨૪ ના રોજ સદર ગુનાના આરોપી બેન લખીબેન મુકેશ શાંતીલાલ રાડોડ નાઓની તા. ૧૦/૧૧/૨૦૨૪ ના ક. ૧૧.૦૦ વાગે વાગરા પો સ્ટે. ખાતે હાજર રહેવા સમજ કરેલ બાદમાં તા ૨૨/૧૧/૨૦૨૪ ના રોજ સદર ગુનાના આરોપી બેન વાગરા પો. સ્ટે. આવતાં સદર ગુનાના કામે જામીન લઈ ફોટો તેમજ ફીંગર લઈ છોડવામાં આવેલ. બાદમાં સદર ગુનાની તપાસ પખાજણ ઓ.પી.ના અ.હે.કો. મહેશભાઈ ઠાકરશીભાઈ નાઓને સોપવામાં આવેલ.

ત્યારબાદ, સદર ત.ક.અ. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, બાતમીવાળી જગ્યાએ કેટલા વાગ્યે ગયેલા અને કેટલા વાગ્યે પહોંચેલા તે સમયનો ઉલ્લેખ ફરીયાદમાં નથી. બાતમીવાળી જગ્યાએ જવા માટે કયા વાહનનો ઉપયોગ કરેલો તે ફરીયાદમાં જણાવેલ નથી. ફરીયાદીએ ફરીયાદમાં પંચોના નામ–સરનામાં જણાવેલ નથી. બાતમી કેટલા વાગ્યે અને

કયા માધ્યમથી મળેલ તે ફરીયાદીએ ફરીયાદમાં જણાવેલ નથી. પંચોને સાથે રાખવા બાબતે કોઇ નોટીસ આપેલ નથી. ચાંચવેલથી દેનવા ગામ તરફના રસ્તે વાહનોની અવર જવર રહે છે. કબ્સ્તાન કયા ગામનુ છે તેનો કોઇ સ્પષ્ટ ઉલલેખ ફરીયાદમાં નથી.

**(૭.૫)** ફરીયાદપક્ષે ત.ક.અમલદાર/અ.હે.કો. મહેશભાઇ ઠાકરશીભાઇને **આંક–૨૮** થી તપાસવામાં આવેલ છે. તેઓ તેમની જુબાનીમાં સરતપાસમાં જણાવે છે કે, તા. ૦૭/૧૧/૨૦૨૪ અમો વાગરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા તે દરમિયાન ગુ.ર. નં ૭૪૫/૨૦૨૪ ના કામે ગુનો રજિસ્ટર કરવામાં આવેલ. ગુનાની હકીકત એવી હતી કે ગઇ તા. ૦૭/૧૧/૨૦૨૪ ના રોજ ભોપાભાઇ ગફુરભાઇ તથા આપોકો જયપાલસિંહ યશવંતસિંહ નાઓ પખાજણ ઓ.પી. વિસ્તારમાં પેટ્રોલીંગ માં ચાંચવેલ ગામ તરફ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન જયપાલસિંહ નાઓને ખાનગી બાતમીદાર થી બાતમી મળેલ કે દેનવા ગામથી ચાંચવેલ ગામ તરફ એક ભુરા કલરનુ લીવો મોટર સાયકલમાં એક ઇસમ દેશી દારૂ ભરી ચાંચવેલ ગામ તરફ આવે છે જે હકીકત આધારે નજીકમાંથી બે પંચોના, માણસોને બોલાવી હકીકતથી વાકેફ કરી અમો ચાંચવેલ થી દેનવા ગામ તરફ જતાં આવેલ કબ્રસ્તાન પાસે વોચ માં હતા તે દરમિયાન હકીકતવાળી મોટર સાયકલ આવતી હોવાનુ લાગતાં તેઓએ કોર્ડન કરી મોટર સાયકલ ને ઉભી રખાવી જોતાં એક ઇસમ મોટર સાયકલ પર હતો અને તેના આગળના ભાગે એક પ્લા. ના થેલામાં દેશી દારૂપોટલીઓ હોવાનુ જણાતાં સદર ઇસમને નામ ઠામ પુછતાં તેણે પોતાનુ નામ મહેશભાઇ બાલુભાઇ વસાવા રહે. દેનવા ટાંકી વાળુ ફળિયુ, તા. આમોદ જિ. ભરૂચનાઓ પાસે થેલામાં રહેલ પ્લા.ની પોટલીઓ ગણેલ તો કુલ નંગ–૭૨ જે પંચો રૂબરૂ તપાસ કરતાં દેશી દારૂ હોવાનુ માલુમ પડતાં સદર ઇસમને દારૂ કોને આપવા જાય છે જે બાબતે પુછતાં તેણે જણાવેલ કે ચાંચવેલ ગામની રહીશ લખીબેન મુકેશ શાંતીલાલ રાઠોડનાઓને આપવા જાઉ છુ જે હકિકત જણાવતાં સદર ઇસમ પાસે રહેલ લીવો મોટર સાયકલનુ રજિ. નંબર જોતાં જી.જે.–૧૬–સી.ક્યુ.–૦૧૩૬ ની તેમજ દેશી

દારૂની પોટલી ઓ માંથી થોડો થોડો નમુના માટે ૨૫૦ મિ.લિ. દેશી દારૂ લઈ શીશી ને બુચ મારી શીશી ઉપર પો.ઈન્સ. શ્રી વાગરાનાઓના સહીના શીક્કા થી શીલ કરી દેશી દારૂ લીટર-૧૮ કિ. રૂ. ૩૬૦૦/- ગણી લઈ વધુ તપાસ અર્થે સદર મો.સા. તથા દેશી દારૂ કબજે કરવામાં આવતાં સદર ઈસમ વિરુધ્ધ પ્રોહિ. એક્ટ કલમ ૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબનુ વિગતવાર નુ| અહેકો રૂબરૂનુ ટોર્ચના અજવાળે પંચનામુ ૧૯.૧૫ થી ૧૯.૪૫ સુધીનુ કરવામાં આવેલ જે વિગેરે મતલબની ફરિયાદ સાથેના અપોકો જયપાલસિંહ નાઓએ વાગરા પો સ્ટે. માં આપેલ. બાદમાં સદર ગુનાની તપાસ પો.સ્ટે. અમલદારનાઓએ ભોપાભાઈ ગકુરભાઈને સોપતાં આગળની તપાસ તેઓએ સંભાળી લઈ સદર ગુનાના આરોપી મહેશભાઈ બાલુભાઈ વસાવાનાઓને બી.એન.એન.એસ. કલમ ૩૫ (૩)(૪) મુજબની નોટીશ આપી તા. ૦૮/૧૧/૨૦૨૪ ના કલાક ૧૧.૦૦ વાગે હાજર રહેવા સમજ કરેલ. બાદમાં તા. ૦૮/૧૧/૨૦૨૪ ના રોજ મહેશભાઈ બાલુભાઈ વસાવા નાઓને જામીન લઈ જેઓને ફોટોગ્રાફ અને તેમના ફીંગર લઈ જામીન મુક્ત કરવામાં આવેલા, બાદમાં તા. ૦૮/૧૧/૨૦૨૪ ના રોજ સદર ગુનાના આરોપી બેન લખીબેન મુકેશ શાંતીલાલ રાઠોડ નાઓની તા. ૧૦/૧૧/૨૦૨૪ ના ક. ૧૧.૦૦ વાગે વાગરા પો સ્ટે. ખાતે હાજર રહેવા સમજ કરેલ બાદમાં તા ૨૨/૧૧/૨૦૨૪ ના રોજ સદર ગુનાના આરોપી બેન વાગરા પો સ્ટે આવતાં સદર ગુનાના કામે જામીન લઈ ફોટો તેમજ ફીંગર લઈ છોડવામાં આવેલ. ત્યારબાદ અહેકો ભોપાભાઈ ગકુરભાઈ નાઓની બદલી ભરૂચ પેરોલ સ્કવોડ ફર્લોમાં થતાં આગળની તપાસ અમોએ સંભાળી લીધેલ. ત્યારબાદ, આરોપીઓ વિરુધ્ધ પુરતા પુરાવા મળી આવતાં નામ. કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ.

ત્યારબાદ, સદર ત.ક.અ. બચાવપક્ષે કરેલ ઉલટતપાસમાં એ હકિકત કબુલ કરે છે કે, સદરહુ ગુનાના કામે અમોએ કોઈ સાહેદોના નિવેદન લીધેલા નથી. સદરહુ ગુનાના કામે અમોએ ફકત ચાર્જશીટ કરેલ છે. પંચનામુ અમોના રૂબરૂ થયેલ નથી.

(૮) સદર કામે પંચ સાહેદોનો પુરાવો જોતા પંચ સાહેદો પંચનામાની હકીકતને સમર્થનકારી પુરાવો આપતા ન હોય આ પંચ સાહેદોની જુબાની થકી ફરીયાદપક્ષને મદદરૂપ થાય તેવી કોઈ ફળદાયી હકીકતો મેળવી શકેલ નથી. તે સહી તેઓએ કયા અને કેટલા સમય પહેલા કરેલી તે યાદ નથી. સદર પંચનામુ કઇ બાબતનુ હતુ તેની તેઓને ખબર નથી કે પોલીસે તેઓને પંચનામા વિશે કાંઇ જણાવેલ નથી. આમ ફરીયાદપક્ષ માટે મહત્વની, આધાર ભુત અને નિર્ણાયક સાબિત થઈ શકે તેવા પુરાવાની મજબુત કડી નષ્ટપ્રાય થયેલ છે. આ ઉપરાંત ચાર્જશીટ પેપર્સ વંચાણે લેતાં પોલીસે આરોપીઓ પાસેથી કબજે થયેલ મુદામાલ તુરંત જ પૃથ્થકરણ માટે એફ.એસ.એલ. મોકલ્યો હોય તેવો પુરાવો રજુ કર્યો નથી. આ ઉપરાંત પૃથ્થકરણ થયા બાદ તેનો રીપોર્ટ આવ્યો હોય, તેવુ ચાર્જશીટ પેપર્સ જોતાં ફલિત થતુ નથી. તે રીતે તપાસ દરમ્યાન પોલીસે પ્રોહીબીશન એકટની કલમ–૧૧૬(સી) ની મેન્ડેટરી જોગવાઈનો ભંગ કર્યો હોય જેનો સીધો લાભ આરોપીઓને મળવાપાત્ર છે. આરોપીઓને સજા કરી શકાય તેવી કોઈ શકયતાઓ જણાતી નથી ત્યારે માત્ર ઔપચારીકતા ભાગરૂપે તમામ સાહેદો તપાસવા જરૂરી જણાતા નથી હાલના કેસમાં આરોપીઓ ઉપર ધી ગુજરાત પ્રોહીબીશન એકટ હેઠળનું તહોમત છે. જેમાં અત્રેની કોર્ટ ધ્વારા તપાસવામાં આવેલ પંચોની જુબાની સિવાય અન્ય તમામ સાહેદો સરકારી પોલીસ સાહેદો છે અને હાલના કેસમાં પંચે ફરીયાદપક્ષ કેસને સમર્થન કરતા ન હોવાથી સંપૂર્ણ ટ્રાયલના અંતે આરોપીઓને શંકાનો લાભ આપી છોડી મુકવાના હોય અન્ય સાહેદો તપાસીને આગળ કાર્યવાહી ચલાવવાની નિરર્થક કસરત કરવી જોઈએ નહીં. વધુમાં આ કામને બનાવવાળું સ્થળ જોતાં જાહેર જગ્યા છે. પોલીસ જો ઇચ્છે તો આવી જગ્યાએથી તેઓને સ્વતંત્ર સાહેદો આસાનીથી મળી શકે તેમ હતા. આમ, છતાં પોલીસે સ્વતંત્ર સાહેદો ન તપાસી માત્ર પોલીસ સાહેદોને જ તપાસ્યા છે. જે હકિકત પણ પોલીસના કેસને નબળો બનાવે છે.

આમ, ઉપરોકત કારણોને ધ્યાનમાં રાખતા તથા હાલના કેસની હકિકતો જોતા ફરીયાદપક્ષ આરોપી વિરુધ્ધનું તહોમત પુરવાર કરવામાં નિષ્ફળ

નિવડેલ હોય ઠરાવી **મુદા નં. ૧ નો જવાબ ''નકારમાં''** આપુ છુ અને **મુદા નં. ૨** અન્વયે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

**:: આખરી હુકમ ::**

**(૧)** આ કામના આરોપી **(૧) મહેશભાઈ બાલુભાઈ વસાવા,** રહે. ગામ દનવા, ટાકી ફળીયુ, તા. આમોદ, જિ. ભરૂચ. **(૨) લખીબેન મુકેશભાઈ શાંતીલાલ રાઠોડ,** રહે. ગામ ચાંચવેલ, તળાવ ફળીયુ, તા. વાગરા, જિ. ભરૂચનાઓને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૨૭૧(૧) અન્વયે ધ પ્રોહિબિશન એકટની કલમ–૬૫(એ)(એ), ૮૧, ૯૮(૨) મુજબના ગુનામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**(૨)** દરેક આરોપીએ બી.એન.એસ.એસ. કલમ–૪૮૧ મુજબના રૂા. ૫,૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) ના જામીન રજુ કરવા.

**(૩)** આ કામે મુદામાલ પાવતીમાં દર્શાવેલ મુદામાલનો અપીલ સમય વિત્યા બાદ ધોરણસર રીતે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ ચુકાદો આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી, સહી કરી જાહેર કર્યો.

| | |
|---|---|
| તા. ૩૦/૦૪/૨૦૨૬<br>સ્થળ : વાગરા | (એસ.બી.દેવડા)<br>ન્યાયિક મેજિસ્ટ્રેટ<br>પ્રથમ વર્ગ, વાગરા.<br>કોડ નં. જી.જે.–૦૧૬૧૪ |